ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૫૧ ટકા

# દિવાળી રંગબેરંગી રંગોળીને સંગ

ગાંધીનગર, તા.૨૬

દિવાળી પર્વ નિમિત્તે બજારોમાં રંગોળી માટેના રંગબેરંગી રંગોનું આગમન થઈ ચુકયું છે. શહેરના ફુટપાથની આસપાસ જાણે મેઘધનુષ્ય પથરાયું હોય તેમ રંગોળીના રંગોથી સજાવટ કરાઈ રહી છે. બજારોમાં હવે દિવાળીની ખરી રોનક જોવા મળી રહી છે.

દિવાળી પર્વમાં રંગબેરંગી રંગોળી રંગો અને ફુલોથી ગૃહિણીઓ દ્વારા બનાવવામાં આવે છે. આ વર્ષે બજારમાં રંગોળીના રંગો દર વર્ષની જેમ જ સસ્તા દરે વેપારીઓ વેચી રહ્યા છે. ૧૦૦ ગ્રામ રંગનો ભાવ માત્ર ૫ થી ૧૦ રૂપિયા છે. રંગોળી પૂરવા માટેની ચારણીનો ભાવ ૩૦ રૂપિયા છે. રંગોળીમાં રંગ છાંટવાની ડબ્બીઓનો ભાવ ૨૦ થી ૩૦ રૂપિયા છે. રંગોળી પૂરવાની પેન્સિલનો ભાવ ૨૦ રૂપિયા છે. ખુશીઓના અને હિંદુ ધર્મના ખુબ જ મહત્વના પ્રસંગે દિવાળીના તહેવારોમાં ઘર આંગણે અનેકવિધ રંગોની મદદથી મનમોહક રંગોળી બનાવી મનમાં ઉમંગો ભરવામાં આવે છે.

શહેરના બજારોમાં અમદાવાદથી રંગોળીની વિવિધ સામગ્રીઓ લાવવામાં આવે છે. ઉપરાંત રાજકોટથી મોટા પાયે રંગોળીના રંગો મંગાવવામાં આવે છે. ત્યાં રંગોળી સ્પેશિયલ ચિરોડી કલરનું ઉત્પાદન થાય છે. રાજકોટ ઉપરાંત જામનગરના ચિરોડીમાં કલરનું ઉત્પાદન થાય છે અને દેશભરમાં પહોંચાડાય છે. જેથી દેશવિદેશમાં રહેતા મિત્રો પોતાના ઘર આંગણે ચિરોડી કલરથી અવનવી કલરફૂલ રંગોળી કરી શકે છે. શહેરીજનો પોતાના ઘરની સાફસફાઈ કરીને સજાવટનો સામાન ખરીદીને ઘરને દીવા, ફૂલો, લાઈટસ અને રંગોળીથી સજાવશે. દિવાળીના તહેવારમાં મોટાભાગના ઘરોમાં મા લક્ષ્મીના સ્વાગત માટે રંગોળી બનાવવામાં આવે છે.

દિવાળી પર્વ પ્રકાશનું પર્વ છે પરંતુ રંગોળી વગર દિવાળી પર્વ ફિક્કુ જોવા મળે છે. ગૃહિણીઓ દ્વારા અનેક પ્રકારની રંગોળી જેવી કે ગણેશજીની પ્રતિમા, લક્ષ્મીજીની પ્રતિમા, મોર, સ્વસ્તિક, કમળનું ફૂલ, રાધાકૃષ્ણ, દિવડાનો આકાર, સાથિયા વગેરે રંગોળીઓ બનાવવામાં આવે છે.

### રંગોળી કરવાની પ્રથા



એવું માનવામાં આવે છે કે રાવણને માર્યા બાદ જયારે ભગવાન રામ પોતાની પત્ની સીતા સાથે ૧૪ વર્ષનો વનવાસ વીતાવ્યા બાદ જયારે અયોધ્યા પરત ફર્યા ત્યાર અયોધ્યાના નગરવાસીઓએ હર્ષોલ્લાસ સાથે તેમનું સ્વાગત કર્યુ હતું. નગરવાસીઓએ પોતાના ઘરોની સાફ સફાઈ કરી તેમજ સ્વચ્છ રંગો તથા ફૂલોથી રંગોળી બનાવી હતી અને ઘરને દિવાથી સજાવ્યા હતા. પરિણામે ત્યારથી જ દિવાળી પર રંગોળી અને દિવા પ્રગટાવાની પ્રથા શરૂ થઈ છે.

### શુભ સંદેશનું પ્રતિક છે 'રંગોળી'



તહેવારમાં ઘર આંગણે નાની- મોટી રંગોળી પુરવામાં આવે છે. હિંદુઓના મોટાભાગના તહેવારમાં ઘર આંગણે રંગેબેરંગી રંગોળી જોવા મળે છે, જે હર્ષોલ્લાસ અને શુભસંકેત દર્શાવે છે. જયારે જયારે ઘરમાં તહેવાર કે ખુશીઓ આવે છે ત્યારે ત્યારે આ ખુશીઓને દર્શાવવા માટે ઘર આંગણે રંગોળી પુરી ખુશીઓને વ્યકત કરવામાં આવે છે.

## નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગરમાં સ્વચ્છ ભારત કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહ્વાન પર તા.૧લી થી ૩૦મી ઓકટોબર સુધી 'સ્વચ્છતા અભિયાન ૨.૦' અંતર્ગત 'પ્લાસ્ટિક મુક્ત અભિયાન' માં નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા સમગ્ર જિલ્લામાં વિવિધ જગ્યાએ સ્વચ્છતા બાબતે તથા સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ ન કરવા બાબતે અલગ- અલગ જગ્યાએ નુક્કડ નાટક, જાગૃતિ રેલી, સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા રેલીમાં સમાજના અલગ - અલગ વર્ગોમાંથી મહિલા મંડળ, ગુજરાતી કલાકારો, સમાજિક વ્યક્તિઓ તથા પોલીસ સ્ટેશન, બસ સ્ટેશન તથા રેલવે સ્ટેશનના કર્મચારીઓ સાથે મળી સફાઈ અભિયાન કર્યું હતું. આ જાગૃતિ અભિયાન આવનારી ૩૧મી ઓક્ટોબર સુધી ચાલુ રાખવામાં આવશે.

## શિક્ષણશાસ્ત્ર વિભાગ દ્વારા ગુજરાતભરના વાલીઓ માટે ૨૮મીએ લાઈવ પરિસંવાદ

ગાંધીનગર, તા.૨૬

શિક્ષણશાસ્ત્ર વિભાગ, વિદ્યાનિકેતન અને વિદ્યાભારતીના સંયુક્ત ઉપક્રમે સમગ્ર ગુજરાતના વાલીઓ માટે રાજ્યકક્ષાનો લાઈવ પરિસંવાદ ૨૮મી ઑક્ટોબરે સાંજે ૪થી ૫.૩૦ દરમિયાન યોજાશે. જેમાં 'બાળકના સર્વાંગી વિકાસમાં માતા-પિતાની ભૂમિકા' અંગે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ખાસ ફરજ પરના અધિકારી શ્રી ડૉ. કનુભાઈ કરકર વ્યાખ્યાન આપશે. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ તેમજ અતિથિ વિશેષ તરીકે વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષણ સંસ્થાન-ગુજરાતના પ્રાંત સંયોજક ડૉ. રાજેશ વ્યાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ બાયસેગ દ્વારા થશે. જેને વંદે ગુજરાત ચેનલ નંબર-૧ તેમજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની યુ-ટ્યૂબ ચેનલ **https://www.youtube.com/childrensuniversitygandhinagar** પર લાઈવ નિહાળી શકાશે.

## ગાંધીનગર ભાજપ દ્વારા અંબાજી ખાતે કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૨૬

ભારતીય જનતા પાર્ટી, રાષ્ટ્રીય પ્રશિક્ષણ વિભાગ, જિલ્લા પ્રશિક્ષણ વિભાગ ગાંધીનગર દ્વારા અંબાજી ખાતે અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જે તારીખ ૨૨ થી ૨૪ દરમિયાન રાખવામાં આવ્યું હતું. બીજા દિવસના પ્રથમ સત્રના અધ્યક્ષ તરીકે કલોલ નગર પાલિકાના પૂર્વપ્રમુખ મુકેશ પરમારે પ્રશાંતભાઈ વાળાનો પરિચય આપ્યો હતો. જેમાં વકતા તરીકે પ્રશાંતભાઈ વાળાએ ભારત વૈશ્વિક પરીદશ્ય વિષય પર વકતવ્ય આપ્યું હતું. આ સત્રનું સંચાલન બ્રહ્મભટ્ટ અમરીષભાઈએ કર્યું હતું.

## સે-૨૧ ગાંધીનગર ખાતે રાજકોટ નાગરિક સહકારી બેંકના નવીન ભવનનું ઉદઘાટન કરાયું



ગાંધીનગર, તા.૨૬

રાજકોટ નાગરિક સહકારી બેંક લી. ગાંધીનગર શાખાનો સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય સંતોના હસ્તે પોતાના નવીન ભવનનો સેક્ટર-૨૧ ખાતે શુભારંભ કરવામાં આવ્યો હતો.

પૂજ્ય સંતગણશ્રીએ આશિર્વચન આપતા કહ્યુ હતું કે, બેંક એટલે માત્ર નાણાકીય લેવડ-દેવડ જ નહીં પણ લાગણી-સંબંધોના પણ જમા-ઉધાર પાસા હોય છે અને તેને પણ જાળવી રાખીને ગ્રાહકો સાથેના સંબંધો સાચવવા જરુરી હોય છે. આ નવીન ભવનના પ્રારંભથી ગ્રાહકોને નાના-મોટા સુરક્ષિત લોકર સહિતની વધુ સારી અને ઝડપી સેવાઓ ઉપલબ્ધ થશે. જેનાથી બેંક અને ગ્રાહક વચ્ચેના સંબંધો વધુ વિશ્વસનીય અને મજબૂત બનશે.

વિશ્વકર્મા શોપિંગ સેન્ટર સેકટર-૨૧ ખાતેના આ નવીન ભવનના ઉદઘાટન પ્રસંગે ગાંધીનગરના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી કમલ જૈન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જિલ્લા સંઘચાલક શ્રી હર્ષદભાઈ પટેલ અને નગર સંઘચાલક શ્રી શંકરભાઈ ચાવડા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગર શાખાના પ્રભારી ડિરેકટર શ્રી પ્રદિપભાઈ જૈન, અમદાવાદ શાખાના શ્રી સુરેન્દ્ર કાકા, રાજકોટથી શ્રી ડાહ્યાભાઈ ડેલાવાળા તથા શ્રી ટપુભાઈ લીંબાસીયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત બોર્ડ ઓફ ડિરેકટર પૈકી અર્જુનભાઈ શીંગાળા, બીન અનામત આયોગના ચેરમેન શ્રી હંસરાજભાઈ ગજેરા, ગાંધીનગર શાખાના કન્વીનરશ્રી ડૉ. ભરતભાઈ જૈન, સહ કન્વીનર શ્રી નીતિનભાઈ પટેલ, શાખા વિકાસ સમિતિના સભ્યો, શાખા અધિકારી શ્રી વિમલભાઈ રૂપારેલીયા, શ્રી વસંતભાઈ પટેલ તથા કર્મચારીગણે આ કાર્યક્રમને સફળ બનાવવામાં ખૂબ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતમાં આભાર દર્શન શ્રી ભરતભાઈ જૈન દ્વારા કરવામાં આવ્યું હતું.

## આઈઆઈટી ગાંધીનગરે ક્યુબિકલ દિવાળી લેમ્પ્સની બીજી શ્રેણી રજુ કરી



ગાંધીનગર, તા.૨૫

દિવાળી નજીકમાં હોવાથી, બજારો અનેક પ્રકારના તૈયાર સુશોભન દીવાઓથી છલકાઈ ગયા છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તમે પર્યાવરણને અનુકૂળ લેમ્પ બનાવી શકો છો અને તેમની પાસેથી ગાણિતિક ખ્યાલો પણ શીખી શકો છો? ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી -આઈઆઈટી ગાંધીનગર ખાતે સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ (સીસીએલ) દ્વારા 'ક્યુબિકલ દિવાળી લેમ્પ્સ - ક્યુબ કે ૨૦ અવતાર' નામની ક્યુબિક લેમ્પસની બીજી શ્રેણી પ્રસ્તુત કરવામાં આવી છે.

આ શ્રેણીમાં ડીઆઈવાય પેપર લેમ્પ શીખવવા માટે રસપ્રદ રીતે કલા અને ગણિતનો સંગમ સર્જાય છે, જે ક્યુબમાંથી બનાવવામાં આવે છે. આ શ્રેણી દશેરાના દિવસે લોન્ચ કરવામાં આવી હતી અને દિવાળીના ૨૦ દિવસ સુધી ચાલુ રહેશે, દરરોજ સીસીએલ ટીમ તેની યુટ્યુબ ચેનલ પર નવો પેપર લેમ્પ કેવી રીતે બનાવવો તે અંગે એક નવો વિડીયો બહાર પાડે છે અને તે પણ દરેક દીપના આકાર પાછળ રસપ્રદ ગણિતની ચર્ચા કરે છે. આ ઈકો-ફ્રેન્ડલી લેમ્પ્સને ચાર્ટ પેપર અને ગુંદર-સ્ટેપલર જેવી અત્યંત ન્યૂનતમ સામગ્રીની મદદથી બનાવાય છે. દરેક વિડીયોમાં ડિઝાઈન નમૂનો અને સીસીએલ ટીમ દ્વારા વર્ણવેલ પેપર લેમ્પ બનાવવાની પ્રક્રિયા છે, જે તહેવારોના સમયમાં તેને ખૂબ જ સરળ અને પારિવારિક પ્રવૃત્તિ બનાવે છે. ગાણિતિક ખ્યાલ શીખવવા ઉપરાંત, આ પેપર લેમ્પ્સ દેખાવમાં પણ અત્યંત સુંદર છે.

## બીટીએસએમ ટીમ દ્વારા ચાઈનીઝ એપ વિરોધ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૬

બીટીએમએસ ગાંધીનગરની ટીમ દ્વારા ચાઈનીઝ સામાનનો ઉપયોગ બંધ કરવા બાબતે એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચાઈનીઝ એપનો વિરોધ, ચીનની કૂટનીતીઓનો વિરોધ, ચાઈનીઝ વસ્તુઓનો વિરોધ કરીને સામાન સળગાવીને વિરોધ કરીને જનજાગૃતિ અભિયાનમાં જોડાયા હતા. ગાંધીનગરના ભાવનાબેન અને ટીમના સભ્યોએ આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. યાદવ મિરજ અશોકકુમાર, ઉ.વ. ૩૭, વાવોલ
- સ્વ. પટેલ સીતાબેન પ્રભુદાસ, ઉ.વ. ૭૯, મહુન્દ્રા
- સ્વ. બેલદાર રેવાબેન નરસિંહભાઈ, ઉ.વ. ૭૮, પેથાપુર
- સ્વ. ઠાકોર ભીખાજી ધનાજી, ઉ.વ. ૭૩, ચાંદિસણા, માણસા
- સ્વ. પટેલ પુષ્પાબેન હરિભાઈ, ઉ.વ. ૮૦, સેકટર-૨૩

# દિવાળીમાં ગાંધીનગરાઓ માટે ગોવા હોટફેવરીટ

## આબુ, જયપુર, ઉદયપુર, નાથદ્વારા, દીવ, ગોવા, સૌરાષ્ટ્રની ટૂર માટે બુકીંગ શરૂ

ગાંધીનગર, તા.૨૬

દિવાળી પર્વની રજાઓ માણવા માટે ટૂર એન્ડ ટ્રાવેલ્સ એજન્સીઓમાં બુકિંગ શરૂ થઈ ગયું છે. લાંબા સમયથી ધંધા વગર બેસી રહેલા ટૂર ઓપરેટરો આનંદમાં જોવા મળી રહ્યા છે. ટૂર એન્ડ ટ્રાવેલ્સ એજન્સીઓમાં રોજે રોજ ઈન્કવાયરી માટેના ફોન ચાલુ થઈ ગયા છે. જેમ જેમ દિવાળી પર્વ નજીક આવી રહ્યું છે તેમ તેમ બુકિંગમાં વધારો થઈ રહ્યો છે.

શહેરમાં દિવાળીની રજાઓ માણવા માટે ટ્રાવેલ્સ એજન્સીઓમાં બુકિંગનો ધમધમાટ ચાલી રહ્યો છે. કોરોનાને કારણે લાંબા સમય સુધી લોકડાઉન રહ્યું હતું. દિવાળી વેકેશન અને ઉનાળુ વેકેશન જેવું કંઈ નહીં હોવાથી કોઈ ફરવા જઈ શકયું નહોતું. લાંબા સમય બાદ કોરોના કાબૂમાં આવી રહ્યો છે અને ગુજરાત સહિત દેશભરના તમામ પ્રવાસન સ્થળો પ્રવાસીઓ માટે તકેદારીની શરતે ખુલ્લા મુકવામાં આવ્યા છે. તેથી ગાંધીનગરના ટૂર ઓપરેટરો અને ટ્રાવેલ એજન્ટોને ઈન્કવાયરીઓ મળી રહી છે. ઈન્કવાયરી શરૂ થતાં ટૂર ઓપરેટરો આનંદમાં જોવા મળી રહ્યા છે. દિવાળી માટે ગુજરાતના જુદા જુદા પ્રવાસન સ્થળો ઉપરાંત દેશના હરવા ફરવાના સ્થળો માટે અત્યારથી જ બુકિંગ શરૂ થઈ ગયું છે.

કોરોનાને કારણે ટૂરિઝમ ઈન્ડસ્ટ્રીને મોટું નુકસાન થયું હતું. વેપાર-ધંધા, ઉદ્યોગો અને દેશભરમાં બધું જ બંધ હોવાથી હરવા ફરવાનું બંધ થઈ ગયું હતું. હરવા ફરવાના શોખીન ગુજરાતીઓ લાંબા સમયથી ઘરમાં ભરાઈ રહ્યા હતા. ગત વર્ષે દિવાળી અને છેલ્લા બે વર્ષના ઉનાળામાં કોઈનું ફરવા જવાનું શકય બન્યું






નહોતું. જેને કારણે પ્રવાસન સ્થળોના હોટેલ અને વેપારીઓ તથા ટૂર ઓપરેટરોને ભારે નુકસાન થયું હતું. ટુરિઝમ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા તમામને સતત બે વર્ષ સુધી પ્રવાસીઓની રાહ જોતા બેસી રહેવું પડયું હતું. કોરોના કાબૂમાં આવતા હવે તમામ પ્રવાસન સ્થળો પરના પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યા છે અને નાગરિકો દેશમાં એક સ્થળેથી બીજા સ્થળે સહેલાઈથી હરી ફરી શકે છે. જો કે તેના માટે તમામે કોરોનાની વેકિસન લેવાની ફરજિયાત બનાવી દેવામાં આવી છે.


ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા સભ્યોના જણાવ્યા મુજબ આ દિવાળી પર્વમાં ગોવા, સીમલા, સૌરાષ્ટ્ર, રાજસ્થાન માટેની ઈન્કવાયરી વધારે મળી રહી છે. બુકિંગ આગામી દિવસોમાં વધે તેવી સંભાવના છે. સૌથી વધુ ગોવા અને રાજસ્થાનની ટૂરની પ્રવાસીઓ પૂછપરછ કરી રહ્યા છે. ૧૫-૨૦ દિવસની પેકેજ ટૂર માટે ખાસ પૂછપરછ નથી તેવું ટૂર ઓપરેટરો જણાવી રહ્યા છે.

દિવાળીના તહેવાર પર શોર્ટ ડેસ્ટીનેશન પ્રવાસન સ્થળો જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાપુતારા, સોમનાથ, દ્વારકા, સાસણ, દિવ-દમણ, કચ્છ ટેન્ટ સિટીમાં પણ પ્રવાસીઓનું બુકિંગ વધ્યું છે. ગુજરાતીઓ આ વર્ષે દિવાળી અને નવા વર્ષે મીની વેકેશન ઉજવવાની તૈયારીઓ કરી રહ્યાં છે. આ વર્ષે નજીકના પર્યટક સ્થળોએ ફરવા જવાનો વધુ ક્રેઝ જોવા મળી રહ્યો છે. કચ્છના માંડવી અને રણોત્સવ માટે પણ બુકિંગ ફુલ થઈ ચુકયું છે.

## જન્મદિને વધામણી



કનૈયાલાલ બાલાશંકર ઉપાધ્યાય
મો. ૯૭૨૬૩૩૨૧૩૪



અનિલ જયસિંઘાણી
પૂર્વ પ્રમુખ લાયન્સ કલબ, જનરલ સેક્રેટરી સિંધી સમાજ, ગાંધીનગર




શુભમ સાધુ
મો. ૭૬૦૦૮ ૧૦૩૦૩



હીનાબેન ત્રિવેદી
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના



બિનલ દિનેશભાઈ વનરાજ



અનન્યા જીજ્ઞેશ રાવલ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦



ચાર્વી એસ. પટેલ



ફેયા એસ કામલીયા



હેનિલ નિલેષ પરમાર
મો. ૯૭૧૪૧ ૯૮૧૯૩